હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

વત્સ... પત્નિને શાસ્ત્રમાં અર્ધાંગીની કહી છે... એનો અર્થ સમજ તેને અર્ધી જ વાત શેર કરવાની... તારા અર્ધા પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે..

નીટ મામલે રજુઆત કરવા પહોંચેલા વાલી મંડળને વિધાનસભાથી અટકાવાયા

પોલીસે ૧૦૦ની અટકાયત કરી : કોંગ્રેસ અને પાસનાં કાર્યકરો પણ જોડાયા : અટકાયતીઓને હેડ ક્વાર્ટર લઇ જવાયા

ગાંધીનગર, તા.૧૮

મેડીકલ ક્ષેત્રમાં પ્રવેશ માટે લેવાતી એન્ટ્રન્સ પરિક્ષા નીટમાં ગુજરાત બોર્ડનાં વિધ્યાર્થીઓને થયેલા અન્યાય બાબતે છેલ્લા ઘણા સમયથી વાલી મંડળ દ્વારા ન્યાય મેળવવા સરકારને રજુઆતો કરવામાં આવી રહી છે. ઉપવાસ, ધરણા અને ઉગ્ર દેખાવો કરી સચિવાલયનાં ઘેરાવ કરવાનાં કાર્યક્રમો બાદ પણ સરકાર આ મામલે કાંઇ કરતી ન હોવાથી આજે ફરી વાલી મંડળ ઉગ્ર રજુઆત કરવા ગાંધીનગર સચિવાલય આવ્યુ હતુ. કોંગ્રેસ અને પાસનાં આગેવાનો કાર્યકરો પણ આ દેખાવોમાં જોડાયા હતા જો કે પોલીસે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દઇને વિધાનસભા ગેટ નજીકથી ૧૦૦ જેટલા રજુઆતકારોને પકડી પાડી તેમની અટકાયત કરી લીધી હતી.

નીટમાં થયેલા અન્યાય મામલે ગુજરાત બોર્ડનાં વિધ્યાર્થીઓનાં વાલીઓએ સંગઠન બનાવ્યુ છે અને વિધ્યાર્થીઓને ન્યાય અપાવવા સરકારમાં અનેક રજુઆત કરવા ઉપરાંત કોર્ટનાં દ્વાર પણ ખખડાવ્યા છે. કોર્ટનો ચુકાદો આવે તે પહેલા જ સીટો ભરાવવાનું ચાલુ રહેતા વાલી મંડળ અમદાવાદ ખાતે ઉપવાસ પર બેઠુ હતુ. તેમ છતા સરકારે કોઇ રસ ન દાખવતા આખરે આજે વાલી મંડળ ગાંધીનગર સચિવાલયમાં રજુઆત કરવા આવી ગયુ હતુ. જો કે પોલીસે વિધાનસભા ગેટથી જ સલામતી વ્યવસ્થા કડક કરી દઇ સચિવાલયની કિલ્લેબંધી કરી દીધી હતી. વાલીમંડળ આવ્યુ તેની સાથે ગાંધીનગર કોંગ્રેસ અને પાસ નાં આગેવાનો કાર્યકરો પણ જોડાઇ ગયા હતા. ટોળુ સચિવાલયમાં પ્રવેશ કરે તે પહેલા જ વિધાનસભા સામેનાં માર્ગ પરથી ૧૦૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી પોલીસ તેમને સે-૨૭ પોલીસ હેડ ક્વાર્ટર લઇ ગઇ હતી. વાલી મંડળ પ્રમુખ ડો.કનુભાઇ પટેલ, કોંગ્રેસનાં કાર્યકરો અને પાસનાં દિનેશ બાંભણીયા, અતુલ પટેલ, ગીતા પટેલ, વરૂણ પટેલ સહિતનાં આગેવાનો કાર્યકરો મળી ૧૦૦થી વધુની અટકાયત કરવામાં આવી હતી.

પર્યુષણ પર્વ

પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી

બીજો દિવસ

કોઈને મારી નાખવા કે કોઈને માર ખાઈ લેવો એ શૂરવીરતા અને કાયરતાની નિશાની નથી પણ સામેના માણસની સાથે દુશ્મનાવટ ખતમ કરી શકવી એ શૂરવીરતાની નિશાની છે. થોડુક જતુ કરીને કે થોડુ સહન કરીને પણ સામેના માણસના મનમાંથી દુરભાવ દૂર થાય અને આપણા મનમાંથી પણ નફરત દૂર થાય એ જરૂરી છે. આના માટે કોઈના અપશબ્દોની ભુલી જઈને ક્ષમા આપવી જોઈએ. આવુ મહાન કાર્ય સામાન્ય માણસો કરી શકતા નથી. એટલે જ શાસ્ત્રો કહે છે કે ક્ષમા એ વીરોનું આભુષણ છે. વીર પુરૂષો ક્ષમા આપે તો શોભી ઉઠે છે. કારણ કે તેમનામાં યુદ્ધે ચડીને સામેનાને હરાવા જેટલુ સામર્થ્ય હોવા છતાં એ દુશ્મનને નહી પણ દુશ્મનાવટને ખતમ કરવો 'ક્ષમા'નો રાહ અપનાવે છે.

આ ઉપરાંત વાર્ષિક ૧૧ કર્તવ્યો અંગે પણ પ્રવચન કરવામાં આવે છે. આ કર્તવ્યો પ્રત્યેક જૈન શ્રાવકે વર્ષમાં એક વખત અવશ્ય આચરવા જોઈએ આમ સામાન્ય અને સહજતાથી થઈ શકે તેવા નિયમો છે. પણ તેનું વર્ષમાં એક વખત પણ પાલન કરવાથી ઘણો જ આત્મલાભ થાય છે. આમ તો આપણે ત્યાં અનેક પર્વ ઉજવાય છે, પણ પર્યુષણ પર્વને વિશેષતા એ છે કે આ પર્વ ત્યાગથી ઉજવાય છે, તપસ્યાથી ઉજવાય છે. આ પર્વને અનુલક્ષીને જૈનો અઠ્ઠાઈ તપ કરે છે. અઠ્ઠાઈ તપમાં આઠ દિવસના ઉપવાસ કરવામાં આવે છે. આ ઉપવાસ જૈન પરંપરા મુજબના એટલે કે માત્ર દિવસ દરમ્યાન ઉકાળેલા પાણી પીવાની છુટ, તે સિવાય આહાર પાણીનો ત્યાગ કરવાનો હોય છે. તે જૈન ધર્મની જીવંતતા અને પરમાત્મા મહાવીર અને તેમના પરંપરાના સાધુ ભગવંતોના આશીર્વાદનો ચમત્કાર છે. આથી જ તપ કરનાર પુણ્યવાનને કોઈ શાતા (તબીયતના સમાચાર) પુછે તો પ્રત્યુતરમાં તે તપસ્વી દેવગુરુ પસાય કહે છે. દેવગુરુ પસાયનો અર્થ પરમાત્મા અને સદ્‌ગુરુના આશીષથી સારૂ છે એમ થાય છે.

આવી તપસ્યાઓમાં પણ પર્યુષણના નિયમીત વિધિ-વિધાનો તો તે જૈનો અવશ્ય કરે જ છે કારણ કે, તેઓ સમજે છે કે પૂજા, પ્રતિક્રમણ, પ્રવચન, પ્રભુભક્તિ જેવા પરંપરાગત અનુષ્ટાનો જ આપણા પ્રાણ છે.

વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સમાં લજ્જા ગોસ્વામીને ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ

કેલીફોર્નિયામાં યોજાયેલી સ્પર્ધામાં પી.આઇ. લજ્જાએ ડંકો વગાડ્યો

ગાંધીનગર, તા.૧૮

રાયફલ શુટીંગમાં પોતાનુ નામ રોશન કરનાર સુ.શ્રી લજ્જા ગોસ્વામીને હથિયારી પી.આઇને હોદ્દો આપી નવાજવામાં આવી છે. ૭ ઓગષ્ટથી ૧૬ ઓગષ્ટ દરમ્યાન લોસ એન્જલસ, કેલીફોર્નિયા (યુ.એસ.એ) ખાતે યોજાયેલી વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ ૨૦૧૭ માં ભાગ લેવા માટે ઓલ ઇન્ડીયા પોલીસ કંટ્રોલ બોર્ડ નવી દિલ્હી તરફથી એસ.આર.પી ગ્રુપ-૭ નડીયાદનાં પી.આઇ લજ્જા ગોસ્વામીની પસંદગી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ભાગ લેવા ગયેલા શુટર લજ્જા ગોસ્વામીએ કેલીફોર્નિયામાં પણ ડંકો વગાડ્યો છે. આ સ્પર્ધામાં લજ્જા દ્વારા ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાત પોલીસ અને દેશનું નામ રોશન કર્યુ છે. હથિયારી એકમોનાં પોલીસ મહાનિરીક્ષક બ્રજેશકુમાર ઝા એ ગુજરાત પોલીસ વતી લજ્જા ગોસ્વામીને અભીનંદન પાઠવ્યા છે.

...બોલો નેતાજી ડૉટ કોમ નેતા અને પ્રજા વચ્ચે સંવાદનો સેતુ બનશે

ગાંધીનગર, તા. ૧૭

વડાપ્રધાન દ્વારા ડિઝીટલ ઈન્ડિયાનો સંકલ્પ સેવાઈ રહ્યો છે ત્યારે આજે ગાંધીનગરમાં એક એવી વેબસાઈટનું લોન્ચિંગ કરાયું હતું જેના થકી આગામી સમયમાં નેતાઓએ પ્રજા વચ્ચે સેતુ બંધાશે અને નેતા તેમના કાર્યોને વધુ અસરકારક રીતે પ્રજા સમક્ષ લઈ જઈ શકશે. બોલો નેતાજી ડૉટ કોમ નામની વેબસાઈટનું સે.૧૧માં નગરપાલિકા પરિષદભવન ખાતે પૂર્વ સાંસદ રતિલાલ વર્મા તથા છોટાઉદેપુરના વર્તમાન સાંસદ રામસિંગ રાઠવાની ઉપસ્થિતિમાં યોજાયું હતું.

આયુષ બીગ ડ્રીમ્ઝ મિડીયા પ્રા.લિ. દ્વારા આયોજિત બોલો નેતાજી ડૉટ કોમ વેબપોર્ટલના લોન્ચિંગ પ્રસંગે વેબસાઈટના ફાઉન્ડર મનિષા ઉપાધ્યાય તથા પ્રમોટર હિતેનભાઈ ભરવાડે આ વેબ પોર્ટલ પ્રજાના પ્રતિનિધિઓ તથા પ્રજા વચ્ચે સંવાદની સીધી ઓનલાઈન સીસ્ટમ સ્થાપશે તેવુ વીઝન રજૂ કર્યુ હતુ. આ વેબસાઈટ થકી કોર્પોરેટરથી માંડીને પ્રધાનમંત્રી સુધીના તમામ નેતાઓ તેમના મતદારો સાથે જોડાઈ રોજબરોજની પ્રવૃત્તિઓ તેમની સમક્ષ મુકી શકશે. ઓનલાઈન સીસ્ટમમાં જનતા પણ તેમની સમસ્યાઓ, પ્રશ્નો તથા સૂચનોને તેમના નેતા સમક્ષ પ્રત્યક્ષ રજૂઆત કરી શકશે.

જુસીકાની સામાન્ય સભાના સ્થળમાં ફેરફાર કરાયો

ગાંધીનગર, તા.૧૮

જુનિયર સિટીઝન કાઉન્સીલની વાર્ષિક સામાન્ય સભા તા.૨૦ ઓગસ્ટને રવિવારના રોજ મુક્તિધામ સેકટર-૩૦ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ હતી. જે અનિવાર્ય સંજોગોને કારણે સંસ્થા કાર્યાલય જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ બ્લોક નં.૫૬-૧ જી-૧ ટાઈપ, પી.એમ.રૂમ સામે સિવિલ હોસ્પિટલ કંમ્પાઉન્ડ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. જે સર્વે કારોબારી સભ્યો -સલાહકારો-સભાસદોને જણાવવા આવે છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા રોગચાળાને પગલે સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. જેને પગલે હોસ્પિટલની મુલાકાતે મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ આવ્યા હતા અને ઈન્ડોર બિલ્ડીંગમાં સારવાર મેળવી રહેલા દર્દીઓની ખબર અંતર પુછ્યા હતા.

રાજ્યમાં આગામી ૨૦-૨૧મીએ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં ફરી એકવાર મેઘરાજાની પધરામણી થશે. હવામાન વિભાગે આગામી ૨૦ અને ૨૧મીના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે.

ગત મહિનામાં થયેલા વરસાદે સમગ્ર રાજ્યને ઘમરોળી નાંખ્યુ હતુ. જેના કારણે પાટણ બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ હતી.

હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારે વરસાદની કરેલી આગાહીને જોતા ફરી પૂરની પરિસ્થિતિનું નિર્માણ ન થાય અને લોકોને ઓછુ નુકશાન થાય એ માટે તંત્ર દ્વારા સાવચેતીના પગલા અગાઉથી જ લેવામાં આવ્યા છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલા અપર એર સરક્યુલેશનની અસરોને કારણે ૧૮ ઓગષ્ટથી રાજ્યમાં વરસાદી માહોલ રહેશે અને ૨૦ તથા ૨૧ ઓગષ્ટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

રાજ્યમાં વરસાદે લીધેલા વિરોધ બાદ છેલ્લા બે ત્રણ દિવસથી રાજ્યમાં ગરમી જોવા મળી રહી છે. રાજ્યના અંદાજે સાત શહેરોમાં ગરમીનો પારો ૩૪ ડિગ્રીને પાર કરી ગયો હતો. વરસાદના વિરામ બાદ અચાનક જ રાજ્યના હવામાનમાં પલટો આપવા પામ્યો હતો અને ઉકળાટ સાથે ગરમી શરૂ થતા લોકો ગરમીથી ત્રસ્ત થઈ ગયા હતા. છેલ્લા બે દિવસથી સતત ઉકળાટ અને ગરમી દેખાઈ રહી છે જેના કારણે લોકો હેરાન થતા હતા.

કોંગ્રેસ સંગઠનના માળખામાં ધરખમ ફેરફારની સંભાવના

ગાંધીનગર,તા. ૧૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ ગુજરાત કોંગ્રેસના નેતાઓની દિલ્હીમાં હાઈ કમાન્ડના નેતાઓ સાથે સતત ત્રણ દિવસ સુધી લાંબી બેઠકોના દોર ચાલ્યા હતા, જેમાં ચૂંટણીલક્ષી કામગીરી, મુદ્દા અને રણનીતિ નક્કી થયા હતા, સાથે સાથે હવે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ માળખાના સંગઠનમાં ધરખમ ફેરફારો કરવાની ગતિવિધિ ચાલી રહી છે. આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસના સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરાશે તે નક્કી છે. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીનું કદ ઘટાડાય તેવી પણ શકતયાઓ સેવાઇ રહી છે. તો, દિલ્હી હાઇકમાન્ડ દ્વારા ગુજરાતમાં ચાર ઝોનમાં કાર્યકારી પ્રમુખોની નિયુક્તિ કરાય તેવી પણ અટકળો તેજ બની છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ સંગઠન અને માળખામાં ફેરફારની કવાયત છેલ્લા એક વર્ષથી વિલંબિત થઇ રહી છે.

કલોલના પ્રીતીબેન ગાંધીને શ્રેષ્ઠ શિક્ષક તરીકેની સરકારે પસંદગી કરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની પ્રા. શાળા નં. ૯ના આચાર્યા પ્રીતીબેન ગાંધીની રાજ્ય સરકારે શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડથી નવાજેલ છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામેલ ૧૮ શિક્ષકો સહિત કુલ ૪૧ એવોર્ડ વિજેતાઓના નામ જાહેર કર્યા છે.

જિલ્લામાંથી પસંદગી પામેલ પ્રીતીબેન ગાંધી આ પહેલાં ૧૭ જેટલા વિવિધ સન્માનો મેળવી ચુક્યા છે તેમજ તેમણે કલોલમાં વંચિત સમાજના બાળકો માટે શરૂ કરેલ ગ્રંથમંદિર પ્રોજેક્ટ સમગ્ર વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામી ચુક્યો છે.

પ્રીતિબેન ગાંધીએ તેમની સ્કૂલમાં વોકેશનલ ગાઈડન્સનો પણ નવતર અભિગમ હાથ ધરી બાળકોને પુરતુ માર્ગદર્શન ઉચ્ચ અભ્યાસ માટે મળે તે માટે આખુ કેન્દ્ર વિકસાવ્યુ છે.

તેમણે કલોલ પ્રા. શાળા નં. ૯માં જોડાયા ત્યારે ગુણોત્સવમાં નબળી શાળા તરીકેની ઓળખ હતી તે આજે શ્રેષ્ઠ શાળા તરીકે જિલ્લામાં ઉભરી આવી છે.

એમ.એડ. સુધીનો અભ્યાસ ધરાવતા પ્રીતિબેન ગાંધી ૧૨ વર્ષથી શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલા છે. તેમને શૈક્ષણિક ઉપરાંત ઈતર પ્રવૃત્તિ માટે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડૉ. એન.એચ. રાઠોડ, પૂર્વ નાયબ પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમાર અને શિક્ષણ સમિતિએ સતત પ્રોત્સાહન અને હૂંફ પુરૂ પાડી શિક્ષણને પડકાર નહિ પણ જીવનમાર્ગ તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરવામાં મદદ કરી છે.

કચ્છના આંબલિયા ગામની પ્રા. શાળાથી કારકિર્દીની શરૂઆત કરનાર પ્રિતીબેન મહેસાણા જિલ્લામાં તથા કલોલ તાલુકાના પલસાણા ગામમાં પણ સેવાઓ આપી છે.

જિલ્લામાં ઈનોવેટીવ ટીચર તરીકેનો એવોર્ડથી પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા છે.

આજે ગાંધીનગરમાં અલ્પસંખ્યક નાણા-વિકાસ નિગમ દ્વારા ચેક-સહાય અપાશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ શનિવાર તા. ૧૯ ઓગષ્ટે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના ઉપક્રમે સહાય-ચેક વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. વ્યવસાય ધિરાણ, શૈક્ષણિક ધિરાણ અને દિવ્યાંગ વ્યક્તિઓને ૪ કરોડ ૮૬ લાખની રકમના ચેક ૫૩૫ લાભાર્થીઓને અર્પણ કરાશે. કેન્દ્રીય રાજ્યમંત્રી મુખ્તાર અબ્બાસ નકવી ઉપસ્થિત રહેવાના છે. ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરિયમમાં શનિવારે સવારે ૧૦ વાગ્યે યોજાનારા આ સહાય વિતરણ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર, રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, નિગમના અધ્યક્ષ સુફી સંત એમ.કે. ચિશ્તી પણ ઉપસ્થિત રહેશે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે ટૂંકી વાર્તાની વિભાવના અને રચના વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩, ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને ટૂંકી વાર્તાનું લેખન કાર્ય કરે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમના આરંભે નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાનશ્રીનો પરિચય આપી સાહિત્યના ક્ષેત્રે તેમને આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ સાહિત્યકાર ચંદ્રાબેન શ્રીમાળીએ વાર્તા એટલે શું? ટૂંકીવાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખન કલા, ભાષા શૈલી, સંવાદ કલા અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન નરેન્દ્રભાઈએ કર્યું હતું.

વરસાદી દિવસોમાં શહેરી વિસ્તારના મોટાભાગના માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ માર્ગોની દશા બેઠી છે. સરગાસણ કુડાસણ માર્ગ પણ ઉબડ ખાબડ બન્યો હતો. જેના લીધે માર્ગ પરના ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા કામ હાથ ધરવામાં આવ્યુ છે.

આજે રાજ્યના ૫૧ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોને સન્માનિત કરાશે

એક્ષપોર્ટ યોજના હેઠળ ૨૬ એમએસએમઇ ઉદ્યોગકારોને એવોર્ડ તથા ૨૫ને પ્રોત્સાહક ચેક અપાશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને પ્રોત્સાહિત કરવા તથા સહાય આપવા માટે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ એવોર્ડ તથા સહાયના ચેક આપવામાં આવે છે. જે હેઠળ આવતીકાલ ૧૯મી ઓગસ્ટ-૨૦૧૭ના રોજ બપોરે ૨ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૫૧ ઉદ્યોગકારોને મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને ઉદ્યોગ રાજ્યમંત્રી રોહિતભાઈ પટેલના હસ્તે એવોર્ડ તથા ચેક આપીને સન્માનીત કરાશે એમ નાયબ ઉદ્યોગ કમિશનર (એમએસએમઇ)ની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજ્યમાં અમલી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ સ્કીમ ફોર એવોર્ડ ટુ બેસ્ટ એમએસએમઇ તેમજ એક્ષપોર્ટ યોજના હેઠળ કુલ ૨૬ એમએસએમઇ ઉદ્યોગકારોને વિજેતા જાહેર કરાયા છે. આ વિજેતા એમએસએમઇ ઉદ્યોગકારોને મુખ્યમંત્રીના વરદ હસ્તે ટ્રોફી, રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. તેમજ ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત કેપીટલ સહાય અને વ્યાજ સહાય યોજના તથા અન્ય યોજના હેઠળ ૨૫ એમએસએમઇ ઉદ્યોગકારોને પ્રોત્સાહન રૂપે ચેક વિતરણ સહિત કુલ ૫૧ લાભાર્થીઓને સન્માનિત કરાશે. આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, વરિષ્ઠ અધિકારીઓ તેમજ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાંથી ૫,૦૦૦થી વધુ એમએસએમઇ ઉદ્યોગકારો ઉપસ્થિત રહેશે.

જાહેર નિવિદા

સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે ઈહંઙ્ઝ્ર ઙ્મ્ઝજીથી કોન્ટ્રાક્ટ આપવાનો છે, જે અંગેની બોલીઓ અને શરતો સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગની વેબસાઈટ http://www.planning.gujarat.gov.in ઉપર અપલોડ કરેલ છે. તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

૨. આ અંગેના ભાવ પત્રકો તા. ૩૦/૮/૨૦૧૭ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૩૧/૮/૨૦૧૭ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આયોજન પ્રભાગના સંયુક્ત સચિવશ્રી (વહીવટ)ની ચેમ્બર ખાતે ખોલવામાં આવશે.

એન. ટી. ભટાણા
સેક્શન અધિકારી/ચ-૨ શાખા
સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ
બ્લોક નં.૭, ૪થો માળ,
નવા સચિવાલય ગાંધીનગર

માહિતી/૧૩૭૧/૧૭-૧૮